ફોજદારી કેસ નં.     /૨૦૨૧

**<u>આંકઃ–૧ નીચે હુકમ</u>**

<u>ફરીયાદી</u>
શ્રી સરકાર

વિરૂધ્ધ.

<u>આરોપી</u>

**૧.** આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનીયમની ૭૦ મુજબના ગુન્હાઓ અંગેનું, કલમ–૧૭૩ પ્રમાણે ચાર્જશીટ રજુ કરવામાં આવતા, કલમ –૨૦૪ પ્ર માણે પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૨.** આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા એવી રજુઆત કરી ગયેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

**૩.** સદરહું ચાર્જશીટ વંચાણે લેતા, આરોપી વિરૂધ્ધ કલમ– ૭૦ ના ગુન્હાઓ અંગેનો આક્ષેપ છે. ત્યારે, ચાર્જશીટની હકીકત વંચાણે લેતા જાહેરનામાંનાં ભંગ બાબતે કાર્યવાહી કરવાની જોગવાઈ કલમ– ૭૦ માં કરવામાં આવેલ છે. અને તેની સજાની જોગવાઈ કલમ– ૧૪૯ માં આપવામાં આવેલ છે. આખું ચાર્જશીટ વંચાણે લેતા આરોપીએ જાહેરનામાંનો ભંગ કરેલ હોય ઈ.પી.કોડ કલમ– ૧૮૮ નો ગુનો લાગુ પડે પરંતુ ફોજદારી કાર્યરીતિ સંહિતાના પ્રકરણ–૧૪, કલમ–૧૯૦ વંચાણે લેતા જેમા, મેજિસ્ટ્રેટ દ્રારા ગુન્હાઓનો સંજ્ઞાન લેવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કલમની શરૂઆતના શબ્દો વંચાણે લેવામા આવે તો ''**<u>આ પ્રકરણની જોગવાઈઓને આધિન</u>** '' એટલે કે, કલમ ૧૯૫ ધ્યાને લેવી જરૂરી રહે છે. આ કલમ વંચાણે લેતા, જાહેર નોકરના અધિકારનો તિરસ્કાર, ન્યાય વિરૂધ્ધના ગુન્હા તથા પુરાવામાં આપેલ દસ્તાવેજો સંબંધી **ગુન્હાઓ માટે ફોજદારી કાર્યરીતિ** અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. કલમ–૧૯૫(૧)(ક)(૧) કોઈ પણ અદાલત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંન્ને સહીત)

હેઠળ સજા પાત્ર કોઈ ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ શકશે નહી. સિવાય કે સંબંધીત જાહેર નોકરે ફરીયાદ કરી હોય અથવા તે જેને આધિન હોય તેવા જાહેર નોકરે લેખીતમાં ફરીયાદ કરેલ હોય. આમ, કલમ–૧૮૮ના ગુન્હા અંગેનું સંજ્ઞાન કાયદાકીય જોગવાઈને લક્ષમાં લ ેતા લઈ શકાય નહી.આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચેના ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરવામાં આવેલા સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે. જેમા, આ કાયદાની કલમ ૧૯૦ તથા કલમ–૧૯૫ ની વિગતવારની ચર્ચા કરી એવુ ઠરાવવામા આવેલ છે કે, કલમ–૧૮૮ના ગુન્હા અંગેનુ સંજ્ઞાન મેજિસ્ટ્રેટ ચાર્જશીટ ઉપરથી લઈ શકે નહી. **૧.** ક્રિ મીનલ પરચુરણ અરજી નં. ૧૭૪૭૩/૨૦૨૦, સાજીદખાન વાહીદખાન પઠાણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ **૧૪/૦૬/૨૦૨૧** **૨.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૩૧૨૬૪/૨૦૧૬, પરસોતમભાઈ ઓધવજી સોલંકી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૪/૧૧/૨૦૨૦ **૩.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૧૬૭૫/૨૦૧૫, હાજી ઉસ્માન સુલેમાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, નિર્ણય તારીખ ૨૨/૦૧/૨૦૨૦ **૪.** સ્પેશ્યલ ક્રિમીનલ અરજી નં. ૪૧૦૫/૨૦૧૭, મોહમ્મદ હુશેન મોહમ્મદ ઈરફાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૫/૦૨/૨૦૧૯ **૫.** ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૭૨૮૬/૨૦૧૭, મેરુભાઈ મેદાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૦/૧૧/૨૦૧૭ **૬.** સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૭૯૧૩/૨૦૧૭, જાહીદ ભગત વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૩/૧૧/૨૦૧૭. **૭.** ક્રિમીનલ અરજી નં. ૬૩૨/૨૦૧૫, **ગોર્વધનભાઈ ઠાકોરદાસ અસરાની** વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૩/૦૪/૨૦૧૭ **૮.** સ્પેશ્યલ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૬૨૪૪/૨૦૧૫, નરેન્દ્રસીંહ અર્જુનસીંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૨૭/૧૦/૨૦૧૫. ઉપરોકત જજમેન્ટો મુજબ કલમ– ૧૮૮ નું કોગ્નીઝન્સ લઈ શકાય નહી તેવી જોગવાઈ છે ત્યારે ઉપરોકત જોગવવાઈઓ તળે આરોપીઓને લાભ ન મળે તે હેતુથી તપાસ કરનાર અમલદારે ઈ.પી.કોડ કલમ– ૧૮૮ ને સપ્રેસ કરી ફકત જી.પી.એકટ કલમ–૭૦ લગાવેલ છે. પરંતુ આ સાથે ચાર્જશીટ વંચાણે લેતા ઈ.પી.કોડ કલમ– ૧૮૮ પણ લગાવવી પડે જે આ કામે લગાવેલ નથી. જેથી ચાર્જશીટ વંચાણે લેતા જી.પી.એકટની કલમ– ૭૦ ની ગુનાની હકીકત પણ ઉપરોકત જોગવાઈના પરવ્યુમાં આવતી હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. વધુમાં જી.પી.એકટ કલમ–૭૦ એન.સી. ગુનો હોય તપાસ કરનાર

અમલદારે ક્રિ.પ્રો.કોડની કલમ– ૧૫૫(૨) મુજબ કોર્ટની પૂર્વ પરવાનગી લેવી પડે. જે ચાર્જશીટ વંચાણે લેતા પણ આવી કોઈ પરવાનગી લેવામાં આવેલ હોય તેવું જણાય આવતું નથી. જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા સદર ગુનો જાહેરનામાં ભંગનો હોય જે ઈ.પી.કોડ કલમ– ૧૮૮ તથા જી.પી.એકટ કલમ– ૭૦ નો બનાવ એક જ ગુનાનો ભાગ બનતો હોય તેવું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે.

૪. આમ, આ કાયદાની કલમ–૧૯૦, કલમ–૧૯૫ તથા કલમ– ૧૫૫(૨) તેમજ ઉપરોકત ચુકાદાઓ લક્ષમાં લેતા, ગુજરાત પોલીસ અધિનીયમની કલમ– ૭૦ ના ગુન્હાઓનું સંજ્ઞાન લઈ શકાય નહીં. જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવી કાયદા મુજબ યોગ્ય અને મુનાસીબ જણાતુ ન હોઈ, સદર કેસની આગળની કાર્યવાહી ડ્રોપ કરતો સી.આર.રી.સી. કલમ– ૨૫૮ ની જોગવાઈઓ મુજબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

આથી, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૮ પ્રમાણે મળેલ સતાની રૂએ બંધ કરી, આરોપીને ગુજરાત પોલીસ અધિનીયમની કલમ– ૭૦ ના શીક્ષાપાત્ર ગુન્હાઓમાથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૦ માહે જુલાઈ સને ૨૦૨૧ ના રોજ વાંચી સંભળાવી, મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૦–૦૭–૨૦૨૧
સ્થળ:વડોદરા.

( એન.કે.મકવાણા)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. (મ્યુનિ.)
વડોદરા.કોડ નં.જી.જે.૦૧૪૧૨